કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક...
- 1 MAY ...
શાખા...

ચાલુ બાબત, વર્ષ ૨૦૧૯-૨૦
એજીઆર-૨૦, બારડોલી ખાતેની રાસાયણિક ખાતર ચકાસણી પ્રયોગશાળા યોજના હેઠળના હંગામી મહેકમને ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક:બજટ/૧૦/૨૦૧૮/૧૭૮૫/ક-૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૦/૦૪/૨૦૧૯

વંચાણે લીધા :-

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સકાર વિભાગ નો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૧૭/૧૬૯૬/ક-૫, તા:૦૪/૦૪/૨૦૧૮.

(૨) ખેતી નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક:વિ.તા.મુ./ટે-૧૦/એજીઆર-૨૦-(પ્લાન)ઠ.દ./૨૦૧૯-૨૦/૨૨૦૩-૦૬/૧૯, તા:૧૬/૦૩/૨૦૧૯

**પ્રસ્તાવના:-**

૨. બારડોલી ખાતે રાસાયણિક ખાતર ચકાસણી પ્રયોગશાળા માટે મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ ની ૧ જગ્યા તથા ખેતી અધિકારી, વર્ગ-૨ ની ૧ જગ્યાને ચાલુ બાબત હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રાખવા માટે રૂ.૨૦.૦૦ લાખની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા ખેતી નિયામકશ્રીએ વંચાણે લીધા ક્રમાંક (૨) થી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, બારડોલી ખાતેની રાસાયણિક ખાતર ચકાસણી પ્રયોગશાળા માટે મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ ની ૧ જગ્યા તથા ખેતી અધિકારી, વર્ગ-૨ ની ૧ જગ્યાને વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રાખવા માટે મંજુર થયેલ બજેટ જોગવાઇ અનુસાર રૂ.૨૦.૦૦ લાખનો ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવાનુ નીચેની શરતોને આધિન આથી ઠરાવવામાં આવે છે.

(૧) સને ૨૦૧૯-૨૦ ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહીને અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને અધિન નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૦૬ ના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ માં 'ઈ' ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ તથા વખતોવખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજૂરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજૂરી માટેની દરખાસ્ત કરવાની રહેશે.

(૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજુર થયેલ લેખાનુદાન જોગવાઇ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં : ૯૬

મુખ્ય સદર : ૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા

ગૌણ સદર : ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના

પેટા સદર : (૨૧) બારડોલી ખાતે રાસાયણિક ખાતર પ્રયોગશાળા

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રી (કૃષિ) ની તા.૨૬/૦૩/૨૦૧૯ ની નોંધથી તેમજ અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ) ની તા.૨૭/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે,

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભરત ડી. વ્યાસ)
સેકશન અધિકારી,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર
વિભાગ.

પ્રતિ

(૧) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિભવન, સેક્ટર – ૧૦ એ, ગાંધીનગર.

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.

(૩) તમામ સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત

(૪) ઉપમહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ(ઇ એન્ડ આર એસ ઓડીટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, અમદાવાદ

(૫) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જી.- સુરત, ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત

(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જી.- સુરત, ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત

(૭) સેકશન અધિકારીશ્રી, ક-૬, ક-૭, બ-૧, નાણા શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર.

(૮) સેક્શન અધિકારીશ્રી, આઇટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર સદર ઠરાવ અપલોડ કરવા સારૂ.

(૯) સિલેકટ ફાઈલ - ૨૦૧૯-૨૦.